વડીલોને વંદન અભિનંદન

રાવલ કિરણબેન પી.
(૧૯૫૯)ફોન: ૨૩૨૨૫૭૭૭

અનિલ પટેલ
મો.૯૯૭૮૪૦૭૯૯૯

યોગેશકુમાર કે. ગાંધી
(૧૯૫૨)ફોન: ૨૩૨૨૬૬૮૬

પારો ત્રણ ડિગ્રી ઉંચકાતા ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા. ૧૮

પવનોની ગતિ ધીમી પડતા ઠંડીમાં ઘટાડો થયો છે. પારો ત્રણ ડિગ્રી જેટલો ઉંચકાતા ઠંડીથી થોડીક રાહત વસાહતીઓને મળી છે. જોકે આજે વહેલી સવારે વાતાવરણ ધુમ્મસભર્યું રહ્યું હતું.

ઉત્તર ભારતના વિસ્તારોમાં હજુ કેટલાક વિસ્તારોમાં કાતિલ ઠંડી પડી રહી છે. બરફ વર્ષા અને વરસાદના કારણે આ વિસ્તારમાં કાતિલ ઠંડી પડી રહી છે. તેની અસર સ્વાભાવિકપણે ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો પર પડી રહી છે. ગઇકાલે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી ગગડ્યા બાદ આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાતા ઠંડીથી થોડીક રાહત અનુભવાઈ છે. જ્યારે મહત્તમ તાપમાન ૨૮.૨ ડિ.સે. નોંધાયું છે.

ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં વ્યુહરચના ઘડાશે

ગાંધીનગર, તા.૧૮

ભાજપ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની આવતીકાલે સાંજે મળનારી બેઠકમાં વિપક્ષ કોંગ્રેસની રણનીતિને ખાળવા માટે વળતી રણનીતિ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૨૦મીથી શરૂ થઈ રહ્યું છે. ત્યારે આ સત્ર પૂર્વે આવતીકાલે સાંજે ગાંધીનગર ખાતે ભાજપ વિધાનસભા પક્ષના નેતા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભાજપના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનારી છે.

આ બેઠકમાં ૨૦મીથી શરૂ થતાં સત્ર દરમિયાન સરકારને ભીંસમાં લેવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા ઘડવામાં આવેલી રણનિતીને ખાળવા માટેની ચર્ચા - વિચારણા કરીને વળતી વ્યૂહરચના ઘડી કાઢવામાં આવશે.

આ ઉપરાંત આ બેઠકમાં ધારાસભ્યોને વિધાનસભાની કામગીરી અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે તેમજ રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર, અંદાજપત્રની ચર્ચામાં માંગણીઓ પરની ચર્ચામાં કઈ રીતે ભાગ લેવા વિપક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવતા આક્ષેપો અને રાજકીય અવલોકનોનો પણ પોતાના વક્તવ્યમાં કઈ રીતે વર્ણવી લઈને તેનો વળતો જવાબ આપવો એ અંગે ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ ઉત્તર ગુજરાતમાં પીવાના પાણી અંગે, કાપશે અને વ્યવસ્થાની પરિસ્થિતિને મુખ્ય મુદ્દા કોંગ્રેસ બનાવે તો તેનો કઈ રીતે વળતો જવાબ આપવો એ અંગે પણ ચર્ચા - વિચારણા કરીને વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા સત્ર દરમિયાન ગૃહમાં મહત્વના બીકો કે પ્રસ્તાવો લાવવામાં આવ્યા હોઈ ત્યારે પૂરતી સંખ્યામાં ગૃહમાં હાજર રહેવા માટે અને પક્ષે આપેલા વ્હીપને અનુસરવા માટે પણ તમામ સભ્યોને અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ચર્ચાઓમાં સભ્યો ભાગ લઈ અને રાજ્ય સરકારની કામગીરી વર્ણવી શકે તે માટે તમામ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો એકત્રિત કરી તૈયાર કરેલ સાહિત્ય ભાજપના તમામ ધારાસભ્યોને આવતીકાલની બેઠકમાં આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આજે કોંગ્રેસ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની બેઠક

સત્ર દરમિયાન રાજ્ય સરકારને ભીંસમાં લેવા રણનીતિ ઘડાશે : કોંગ્રેસ પીવાના પાણી, કાયદો - વ્યવસ્થાના મુદ્દાને મુખ્ય મુદ્દા બનાવશે

ગાંધીનગર, તા.૧૮

કોંગ્રેસના ધારાસભ્યોની આવતીકાલે મળનારી બેઠકમાં વિધાનસભા સત્ર દરમિયાન રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેની રણનિતી ઘડી કાઢીને આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવવા માટે સભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મહેસાણા નજીક આવેલા એક રીસોર્ટમાં વિપક્ષીનેતા શંકરસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં કોંગ્રેસના ધારાસભ્યોની એક બેઠક મળનાર છે. આ બેઠકમાં કોંગ્રેસના સાંસદો, પ્રદેશના આગેવાનોને પણ ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

૨૦મીથી શરૂ થતાં અંદાજપત્ર સત્ર દરમિયાન રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટે વિપક્ષ કોંગ્રેસ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ, પીવાના પાણીના પ્રશ્ન તેમજ સાબરમતી જેલમાં બનેલી સુરંગકાંડની ઘટનાને મુખ્ય મુદ્દાઓ બનાવીને આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવવા માટેની રણનિતી ઘડી કાઢનાર હોવાનું જાણવા મળેલ છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાનો અને સંસદ સભ્યો દ્વારા ધારાસભ્યોને વિધાનસભાની કામગીરી અને સંસદીય બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કેવા પેટા પ્રશ્નો પૂછવા, તાકિદની અગત્યની બાબતોના પ્રશ્નોમાં કઈ રીતે પસ્તાળ પાડવી, વિવિધ ક્ષેત્રોમાં રાજ્ય સરકારની નિષ્ફળતાઓને કઈ રીતે છતી કરવી, રાજકીય આક્ષેપોનો જવાબ કઈ રીતે આપવો આ તમામ બાબતો અંગે નવા ચૂંટાયેલા ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ૨૦મીથી અંદાજપત્ર સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પ્રથમ દિવસે જ વિપક્ષ કોંગ્રેસ દ્વારા કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમ આપીને સત્ર દરમિયાન કોંગ્રેસ કેટલીક આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવશે તેનો પરચો બતાવે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

જો કે આ વખતે વિપક્ષ કોંગ્રેસમાં સંસદીય બાબતોમાં જાણકાર હોઈ તેવા અનુભવી ધારાસભ્યોની ખોટ કોંગ્રેસના વર્તાનારી હોઈ સિનિયર પૂર્વ ધારાસભ્યો દ્વારા નવા ધારાસભ્યોને સંસદીય બાબતોનું માર્ગદર્શન આપીને તેમને તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ચેઈન સ્નેચિંગનો વધુ એક બનાવ સેટેલાઈટમાં બન્યો

સેટેલાઈટ વિસ્તારમાં ચેઈન સ્નેચિંગનો વધુ એક બનાવ સપાટીએ આવ્યો છે. સેટેલાઈટમાં જલદીપ-૧ બોપલ ખાતે રહેતા પ્રવિણાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ ગઈકાલે સેટેલાઈટ ઈસ્કોન મંદિર પાછળ રીલાયન્સ મોલ પાછળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક બાઈક પર આવેલા બે શખ્સોએ પ્રવિણાબેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત ૪૫૦૦૦ તોડી ફરાર થઈ ગયા હતા. આ અંગેની ફરિયાદ સેટેલાટિ પોલીસમાં દાખલ કરવામાં આવી છે. પોલીસને હજુ સુધી કોઈ માહિતી મળી નથી. આ ગુનાની તપાસ પોલીસ અધિકારી એસબી મલેક ચલાવી રહ્યા છે.

અમદાવાદના ખોખરા ચાર રસ્તા પાસે આવેલા આઈશ્રી ખોડિયાર માતાજીના અન્નકૂટના દર્શન અને ધ્વજારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

વિદ્યાર્થી સેનેટની ચુંટણીનો પ્રચાર હવે આખરી દોરમાં

એબીવીપી અને એનએસયુઆઈના ઉમેદવારોએ વિજય મેળવવા કમરકસી : પોતાની તમામ તાકાત લગાવી દીધી

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની આઠ બેઠકો માટે આગામી ૨૪ ફેબ્રુઆરીએ યોજાનાર વિદ્યાર્થી સેનેટની ચુંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે એબીવીપી અને એનએસયુઆઈના ઉમેદવારોએ જીત મેળવવા કમર કસી લીધી છે અને પોતાની તમામ તાકાત લગાવી અંતિમ તબક્કાના પ્રચારને વેગવાન બનાવ્યો છે. સાથે-સાથે એબીવીપી અને એનએસયુઆઈના સંગઠન અધિકારીઓ દ્વારા પણ પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે ડોર ટુ ડોર પ્રચાર હાથ ધરવામાં આવ્યો છે. બન્ને સંગઠનના કાર્યકર્તાઓ કોલેજ દર કોલેજની રૂબરૂ મુલાકાત લઈ મતદારોને લોભાવવા માટે અનેક ચુંટણી પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને પોતાના વિજયની વ્યુહરચનાઓ ઘડી રહ્યા છે. બન્ને પક્ષોના ઉમેદવારો વિદ્યાર્થીઓને લોભાવવા માટે નાણાંનો ઉપોયગ પણ કરી રહેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં પ્રત્યેક ઉમેદવાર આ ચુંટણીમાં ઓછામાં ઓછા ૫૦,૦૦૦થી એક લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરવાનું બજેટ બનાવી ચુક્યા હોવાનુ આધારભુત સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. આ ઉપરાંત ઉમેદવારો વિદ્યાર્થીઓ પોતાના કામોથી માહીતગાર કરાવી રહ્યા છે. પોતાના ચુંટણી પ્રચાર કેમ્પીયના અંગે એનએસયુઆઈના અમદાવાદ શહેરના પ્રમુખ વિશ્વનાથસિંઘ વાઘેલાએ જણાવ્યું હતું કે, અમારા આઠે આઠ ઉમેદવારે પ્રચાર માટે વિવિધ કોલેજોની મુલાકાત લઈ રહ્યા છે. તેમની સાથે એનએસયુઆઈની કારોબારીના પદાધીકારિઓ અને કાર્યકર્તાઓ સહીત ૧૦૦૦થી વધુ લોકો જોડાયા છે. જે વિદ્યાર્થી મતદારોને મળીને પોતાના આગામી આયોજન અંગે અને વિદ્યાર્થી લક્ષી કામો અંગે જણાવી રહ્યા છે. જ્યારે બીજી બાજુ એબીવીપીના પ્રદેશમંત્રી રવિ દેસાઈએ જણાવ્યું હતું કે, અમારા આઠ ઉમેદવારો સાથી એબીવીપીના ૧૨૦૦ જેટલા કાર્યકર્તાઓ પ્રચાર કાર્યમાં જોડાયા છે. જે શહેરની અને ગ્રામ્ય વિસ્તારોની વિવિધ કોલેજોમાં જઈ વિદ્યાર્થી મતદારોનો રૂબરૂ સંપર્ક કરી રહ્યા છે. જેમને એબીવીપીએ ભુતકાળમાં કરેલા વિદ્યાર્થી લક્ષી કામો, આંદોલનો, રજુઆતો અંગેની માહીતી અપાઈ રહી છે. આ ઉપરાંત પોતાના ભવિષ્યના આયોજનો અંગે પણ સમજાવવાનો પ્રયત્ન કરાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટીની સાયન્સ, કોમર્સ, આટ્ર્સ વિદ્યાશાખાઓની અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની બેઠકો ઉપર વિજયી મેળવવા માટે એબીવીપી અને ડબલ્યુએસયીઆઈના ઉમેદવારોએ આઠમી ફેબ્રુઆરીથી જ પ્રચાર કાર્ય આરંભી દેવામાં આવ્યું હતુ ત્યારે હવે મતદાનને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બંને સંગઠનોને કાર્યકર્તાઓ પોતાના ઉમેદવારોને જીતાડવા માટે કમરકસી ચુક્યા છે.

રાજ્યમાં આજે મધરાતથી એસ.ટી.ની હડતાળ

ગુજરાતમાં જ્યાં રેલવે ટ્રેન નથી પહોંચતી તેવા દૂર દૂરના અંતરીયાળ વિસ્તારોમાં સામાન્ય માનવીને લઇ જતી લાવતી વાહન વ્યવહારમાં રાજ્યની ઘોરી નસ સમી એસ.ટી. બસોના પૈડાં મંગળવારના મધ્યરાત્રિથી ૨૪ કલાક માટે થંભી જશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ સંચાલિત એસ.ટી.ના ૮ હજારથી વધુ કર્મચારીએ તેમના પડતર પ્રશ્નો તથા ડીઝલના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શિત કરવા ૧૯ ફેબ્રુઆરી મંગળવારની મધ્યરાત્રિથી ૨૪ કલાકની હડતાળ પર જવાનો મક્કમ નિર્ણય કર્યો છે. હાલમાં ગુજરાતમાં લગ્નગાળાની મોસમ પુર બહારમાં ચાલે છે. રાજ્યમાં હજારો લગ્નો થઇ રહ્યાં છે ત્યારે ગામડાના લોકોને આ લગ્નમાં જવા માટે એસ.ટી. બસો ખૂબ અનુકુળ સાધન છે. આ ઉપરાંત ગામડાના લોકોને માંદગી કે અન્ય જરૂરી કામો માટે શહેરોમાં જવા આવવાનો એક જ સહારો એસ.ટી. બસનો છે. કર્મચારીઓની હડતાળને કારણે આવા સામાન્ય માણસો પારાવાર મુશ્કેલીમાં મુકાશે અને રીક્ષા કે ખાનગી વાહનોમાં બેફામ ભાડુ આપી લૂંટાશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સલામતી જોખમાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેર ઠેર મુકાયેલા બેરીકેટસ હાલ જોખમી બન્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ચ-૦ સામે પણ સર્કલ નજીક તુરંત જ માર્ગની વચ્ચે જ આડશ બનતા બેરીકેટસના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. ટ્રાફિકને ધ્યાને લઈ રોડ નેટવર્કને અનુલક્ષી નિયમ મુજબ બેરીકેટસ મુકવાના બદલે માત્ર આડશ ઉભી કરવાના આશયથી મુકાયેલા બેરીકેટ્સ ગમેત્યારે જાન લેવા અકસ્માત સર્જે તેવી દહેશત પ્રવર્તી છે.

બજેટ બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉભી કરતી બની રહેશે તેમ રાજકીય નીરીક્ષકોનું માનવું છે. ભાજપે કોંગ્રેસની સ્ટેન્ડીંગ કમિટીએજ સૂચવેલ સુધારાને ગ્રાહ્ય રાખી આપેલી સુધારા દરખાસ્તને લઈ પણ રાજકીય વર્તુળોમાં ઉત્તેજનાઓ ફેલાઈ છે. ભાજપે જે સુધારા દરખાસ્ત આપી છે તેમાં વેરા માફી વિશે કે અન્ય જોગવાઈઓ વિશે કોઈ પણ પ્રકારના વિવાદથી પર રહેવાનો નિર્ણય કર્યો છે. જો કે મેયર માટે રૂ. બે કરોડની જોગવાઈ યથાવત રાખવા સહમતિ આપી હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

રાજકીય અજાયબી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના બે સાથીઓએ હજુ સુધી તેમના સત્તાવાર પક્ષને બદલ્યો હોવાની જાણ કોર્પોરેશનના વહીવટીતંત્રને કરી નથી.

મેયર અને વિપક્ષના નેતાનું પદ ભાજપ પાસે હોવાની વાતને લઈ રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા જાગી છે કે મેયરને પ્રદેશ કક્ષાએ પ્રવેશ મેળવ્યો છે પણ હજુ કોર્પોરેશન પક્ષના તેઓ સભ્ય થયા નથી એટલે વિપક્ષનું નેતાપદ ભાજપ પાસે છે.

વહીવટી તંત્ર એ પણ સભાની બેઠક વ્યવસ્થામાં કોઈ ફેરફાર કર્યો ન હોવાથી અહિં કયા પક્ષનું શાસન છે તે સ્પષ્ટ થયું નથી.

દરમિયાન આજે ભાજપ કોર્પોરેશન પક્ષની એક મહત્વની બેઠક બપોરે બે વાગે મળનારી છે. જેમાં બજેટ બેઠકની વ્યુહરચનાને આખરી ઓપ આપવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષની બેઠક પણ બપોરે બે વાગે યોજવામાં આવી છે અને તેમાં પક્ષના સભ્યોને વ્હીપ આપવા ઉપરાંત બજેટને લઈ કેટલીક મહત્વની ચર્ચાઓ કરવામાં આવનાર છે.

કેન્દ્રમાં રજૂઆત કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરને ટ્રેન સુવિધાને લઈ શ્રીમતી દર્શના જરદોશ, શ્રીમતી જયશ્રીબેન પટેલ, શ્રી નટુજી ઠાકોર, સ્મૃતિ ઈરાનીએ અલગ - અલગ રજૂઆતો તો કરી જ છે.

ગાંધીનગરથી ૩૪ કિ.મી. દૂર આવેલા અમદાવાદ રેલવે સ્ટેશનેથી ૪૮ ટ્રેન ઉપડે છે. અને દેશના દરેક ભાગમાં જતી ૫૧ જેટલી ટ્રેનો પસાર થાય છે.

હાલ ગાંધીનગર ખાતે માત્ર ૪ જ ટ્રેનની અવર જવર છે. જો કે કેન્દ્ર સરકારે ગાંધીનગરથી વધારાની ટ્રેન શરૂ કરવી હાલના તબક્કે સંચાલનની દૃષ્ટિએ શક્ય નથી તેવા અપનાવેલા વલણમાં પરિવર્તન આવે તે રીતે આગ્રહ કરવા જણાવ્યું છે. રાજ્ય સરકારે પણ ૧૮/૨/૧૧, ૯/૧/૨૦૧૨, ૪/૧૨/૧૧થી લેખિતમાં રજૂઆતો કરેલ છે.

શિક્ષણની ગુણવત્તાનો અભાવ...

● ત્રીજા પાનાનું ચાલુ

૧૦૩ દિવસો આવા કારણોસર ભણાવવાની પ્રવૃત્તિથી ફરજીયાત દૂર રહેવું પડે છે. આવી પરિસ્થિતિમાં હાજર શિક્ષકોને વધારે (મલ્ટીપલ) વર્ગો લેવા પડે છે. પરિણામે વર્ગ-૮ના માત્ર ૩૫ વિદ્યાર્થીઓ ઈંગ્લીશનું માત્ર સરળ વાક્ય વાંચી શકે છે અને ૧૩ ટકા વિદ્યાર્થીઓ ધોરણ-૧નું ગુજરાતી પાઠ્યપુસ્તક વાંચી શકે છે. ગણિતના વિષયનું ધોરણ પણ કથળતું જાય છે. વર્ષ - ૨૦૧૨માં ધોરણ-પના ૫૦.૯ ટકા વિદ્યાર્થીઓ બે આંકડાની સાદી બાદબાકી કરી શકતા નથી.

સરકારે પ્રવેશોત્સવ દ્વારા લગભગ ૧૦૦ ટકા પ્રવેશ સિદ્ધિની વાતો કરે છે. પરંતુ ૬ થી ૧૪ વર્ષના ૫૨ ટકા બાળકો ધોરણ-૧૦માં જાય છે. જ્યારે કન્યાઓ ૪૮.૮ ટકા ધોરણ-૧૦માં પ્રવેશે છે. પ્રાથમિક શાળાઓના પાયાની જરૂરીયાતો સર્વે મુજબ પુરતી નથી. ૩૦ ટકા શાળાઓમાં ટોયલેટની વ્યવસ્થા નથી. ૧૪.૪ ટકા શાળાઓમાં લાયબ્રેરી નથી. ૪૪.૩ ટકા શાળાઓમાં બાળકો લાયબ્રેરીનો ઉપયોગ કરતા નથી. રમતગમત માટેના મેદાનોની સંખ્યા ઘટીને ૭૯ ટકા થઈ ગઈ છે. જો કે, એએસઈ રિપોર્ટ ૨૦૧૨માં મર્યાદિત શાળાઓને આવરી લીધેલ છે અને તે વર્ષ - ૨૦૦૯ની પરિસ્થિતિ પર આધારિત છે, પરંતુ અત્યારે પણ જે ખામીઓ રિપોર્ટમાં બતાવવામાં આવી છે તેમાં ખાસ સુધારા થયા નથી.

શિક્ષણને મૂળભૂત અધિકાર ગણવામાં આવ્યો છે અને માનવ વિકાસ માટે મૂળભૂત જરૂરિયાત ગણવામાં આવી છે ત્યારે દેશના દરેક નાગરિકને ખાસ કરીને દલિત તથા દલિત જેવી અન્ય કોમોને સરખી ગુણવત્તાવાળું શિક્ષણ મળે તે માટે રાજ્યે પ્રાથમિક શિક્ષણ સુધારણા માટે પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા પ્રતિકાત્મક કાર્યક્રમો ઉપરાંત પ્રાથમિક શિક્ષકોને રેગ્યુલર પગાર ધોરણ આપવું જોઈએ અને શાળામાં નિયત ધોરણ મુજબ શિક્ષકો નિમવા જોઈએ તેમજ શિક્ષકોમાં શિસ્ત, નિયમિતતા અને આજ્ઞાકિંતતા કેળવવી જોઈએ. આ ઉપરાંત સિક્ષણ માટે જરૂરી સાધનો અને સવલતો પુરા પાડવા જોઈએ. તથા શિક્ષકોને અને શાળાઓને શિક્ષણની ગુણવત્તા માટે જવાબદાર ગણવા જોઈએ અને પરફોર્મન્સને નાણાકીય સહાય માટે આધારભૂત ગણવો જોઈએ.

વાલી તથા સ્થાનિક સંસ્થાની સમિતિને શાળા સંચાલન અને દેખરેખ રાખવા સત્તા સોંપવી જોઈએ. સાર્વજનિક શિક્ષણના કાયદાનો ચૂસ્તપણે અમલ કરવો જોઈએ. ખાનગી શિક્ષણ સંસ્થાઓ કાયદાની જોગવાઈ મુજબ ૨૫ ટકા નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપે છે કે નહીં તે માટે જરૂરી ઈન્સ્પેક્શનની વ્યવસ્થા કરવી જોઈએ. કાયદાની જોગવાઈ મુજબ બાળરક્ષણ સમિતિની નિમણુંક કરવી જોઈએ.

સરકારી શાળાઓનું ખાનગીકરણ કરવાની નિતી બંધ કરવી જોઈએ તથા આઈઆઈએમ, અમદાવાદના તાલીમાર્થીઓએ કરેલ સર્વે મુજબ જે બાળકો વાલીઓ શિક્ષિત છે તેઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે છે. ગ્રામ્ય વિસ્તારના અને ગરીબ મા-બાપોને શિક્ષણના લાભાલાભ અંગે તેમજ સરકાર તરફથી પ્રાપ્ત થતી સવલતો અંગે જાણકારી હોતી નથી. તેથી બાળકના શિક્ષણ પ્રત્યે તેઓ નિષ્ક્રાળજી સેવે છે. આના ઉપાય તરીકે વાલી શિક્ષણની (પેરેન્ટલ એજ્યુકેશન) યોજના બનાવી, વાલીઓને શિક્ષણના ફાયદા અંગે શિક્ષિત કરવા જોઈએ.

શબ્દાવલી - ૪૯૮૩



આડી ચાવી

૧. હેરાન (૪)
૪. હડો, સ્ટોપર (૩)
૭. રેશમી વસ્ત્ર... માંથી બને છે (૩)
૮. દેવી મહાકાળીએ પાવાગઢથી ઉતરીન આ શહેર વસાવ્યું (૪)
(૯) શબ ને ઓઢાડાતું વસ્ત્ર (૩)
૧૨. બાવો, સાધુ (૩)
૧૫. ચકલાને... ખાવા ન નંખાય (૨)
૧૬. હિમાલય (૩)
૧૭. બડબડ કર્યા કરવું તે (૪)
૧૯. એક સતી સ્ત્રી... દેવી રા'ખેંગારની પત્ની (૩)
૨૦. કથા, ભાગવત (૪)
૨૨. રાજકુમાર, મોટી હસ્તી (૫)

ઊભી ચાવી

૧. કુચ કદમ, સૈનિકોની... (૩)
૨. હરિકાઇ (૨)
૩. અગ્નિ..., આગ ઓલવનાર (૩)
૪. 'પાન' શબ્દ ઊંધો (૩)
૫. કુનેહ, હોંશિયારી (૩)
૬. ચોરી કરે તે (૨)
૮. નાની ભાખરી (૩)
૧૦. પંખીની પાંખોનો અવાજ (૪)
૧૧. કણબી કોમની સ્ત્રી (૪)
૧૩. દયાથી આપવું તે (૫)
૧૪. માથાકુટ, જંજાળ (૪)
૧૫. ચાલક-ચપળ (૪)
૧૮. ભૂત ભગાડવા ભૂવા... વગાડે (૩)
૨૦. ચોપાટમાં આનાથી રમે (૨)
૨૧. આ શબ્દ આગળ 'ગા' લગાવવાથી અદૃશ્ય અર્થ થાય (૨)

શબ્દાવલી ૪૯૮૨ના જવાબ

આડી ચાવી :- (૧) સોગઠી (૩) રૂઆબ (૫) કરપીણ (૭) નગાર- (૯) કામ (૧૧) સૂતક (૧૨) શબ (૧૩) મહોતરમા (૧૪) બથ (૧૫) નવુનકોર (૧૯) ચીકુ (૨૦) શોરબકોર

ઊભી ચાવી :- (૧) સોગન (૨) ઠીકરૂ (૩) રૂપિયા (૪) વાણ (૬) કમકમા (૮) ગાયબ થવું (૯) કાતર (૧૦) ક્રીમ (૧૧) સૂતર (૧૨) શબનમ (૧૬) નશો (૧૭) કોર (૧૮) રબ (૧૯) ચીર

SANGHI CEMENT
KisaN
VINAYAK 500
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ